રજુ તારીખ :
દાખલ તારીખ :
ફૈસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૧૮૭૨૧/૨૧**

આંક–

**ફરીયાદી : સરકાર શ્રી.**

**વિરૂધ્ધ.**

**આરોપી : (૧) માવજીજી હેમચંદજી ઠાકોર + ૭ = ૮**

ફરીયાદી તર્ફે વિ. વ.શ્રી એ.પી.પી. અને આરોપી તર્ફે

**ગુનો : જુગારધારાની કલમ – 12 મુજબ.**

**–:ચૂ કા દો:–**

૧. **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

**આ કામના આરોપીએ** ચાર્જશીટમા દર્શાવેલ વિગતે જાહેરમાં / ગેમ્બલીંગ હાઉસમાં જુગાર રમી પકડાઈ જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે. જે મુજબ આરોપી સામે હાલનુ ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીને સમન્સ કરેલ જે અન્વયે આરોપી હાજર થતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે. તેમજ મુદ્દામાલ કલેમ કરતા નથી તે અંગેની પુરસીસ પણ રજુ કરેલ છે.

૩. **આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં** તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નંબર ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ધ્યાને રાખતાં **સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**–:આખરી હુંકમ:–**

**આ કામના આરોપી ને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી, જુગારધારાની કલમ – 12/ મુજબ. ના ગુનામાં** કસુરવાર ઠરાવી **રૂા.૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો** પુરા **જો આરોપી દંડ ન ભરે તો દિન–** સાત **ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ કોર્ટમાં જમા ન હોય તો પોલીસ સ્ટેશનમાં સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો મુદ્દામાલ જેવો કે ગંજી પત્તાના પત્તા, પાથરણુ, નોટબુક, પેન વિગેરે બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ મોબાઈલ/લેપ ટોપ/ ઈલેક્ટ્રોનીક ગેઝેટ/વાહન આરોપીએ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામાં આવે છે. જો આરોપીએ છોડાવેલ ન હોય તો જે તે પોલીસ સ્ટેશનના પી. આઈ. શ્રીએ જાહેર હરાજી કરી તે ઉપજેલ રકમ સરકાર જમા કરવી અને તે ચલણની એક નકલ અત્રેની કોર્ટમાં જમા કરવી.

**ઉપરોકત ચુકાદો** આજ રોજ સ્પે. સીટીંગમાં **જાહેર કર્યો.**

**તા.** 11/09/2021 8X300=2400
**સ્થળઃ– મીરજાપુર,અમદાવાદ**

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર,
અમદાવાદ.